Educational Visit

Date :26/12/2026

# વૃધ્દ્ધાશ્રમની મૂલાકાત









દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 27-12-2025

**કડી બીએડ કોલેજના તાલીમાર્થીનો વૃદ્ધોથી સંવાદ**

**કડી** | કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સૂરજબા બીએડ કોલેજના તાલીમાર્થીઓએ ઈરાણા સ્થિત સંધ્યા વિશ્રામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. છાત્રોએ વૃદ્ધજનો સાથે આત્મીય સંવાદ કરી ભજન, ગીત, અંતાક્ષરી, ગરબા જેવી પ્રવૃત્તિઓ સાથે ફળ, બિસ્કિટ અને જરૂરી સામગ્રીનું વિતરણ કર્યું હતું.

**તારીખ 26-12-2025ના રોજ સંધ્યા વિશ્રામ વૃદ્ધાશ્રમ, ઈરાણા (કડી)ની મૂલાકાત લેવામાં આવી. તાલીમાર્થીઓએ વૃદ્ધજનો સાથે આત્મીય સંવાદ કરી ભજન, ગીત, અંતાક્ષરી, ગરબા જેવી પ્રવૃત્તિઓ યોજી તેમજ ફળ–બિસ્કિટ અને જરૂરી સામગ્રીનું વિતરણ કર્યું.**

# MATHEMATICS DAY






## કડી ખાતે વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે રસ જગાવતી રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી

પ્રે. કે. પટેલ- ડિસેમ્બરે મહાન ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ અવસરે તારીખ ૨૨/૧૨/૨૦૨૫ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત એસ.વી. કોલેજ ઓફ એજ્યુકેશન તથા સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ શાળાઓમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ કાર્યક્રમો સંબંધિત શાળાઓના માનનીય અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન હેઠળ યોજાયા હતા. જેમાં ઊંટવા અનુપમ પ્રાથમિક શાળા (ઊંટવા), નાની કડી પ્રાથમિક શાળા (નાની કડી), લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા (લક્ષ્મીપુરા), બુડાસણ પ્રાથમિક શાળા (બુડાસણ), કરણનગર પ્રાથમિક શાળા (કરણનગર), નરસિંહપુરા પ્રાથમિક શાળા (નરસિંહપુરા), સરસાવ પ્રાથમિક શાળા (સરસાવ) તથા કુંડાળ પ્રાથમિક શાળા (કુંડાળ)નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ગણિત દિવસ નિમિત્તે યોજાયેલા પ્રાર્થના કાર્યક્રમમાં શ્રીનિવાસ રામાનુજનનો સંક્ષિપ્ત પરિચય, તેમના જીવનપ્રસંગો, રસપ્રદ ગણિત કોયડાઓ, ગણિત કાવ્યો તેમજ રામાનુજનના પ્રસિદ્ધ 'જાદુઈ ચોરસ'ની તાલીમાર્થીઓ દ્વારા અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે રામાનુજનના જીવનચરિત્ર તથા તેમના ગાણિતિક યોગદાન વિષયક પી.પી.ટી. રજૂઆત એલ.ઈ.ડી. મારફતે કરવામાં આવી હતી. સાથે સાથે ટૂંકી ફિલ્મનું પ્રદર્શન તથા વિવિધ શાળાઓમાં ગણિત વિષયક ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઉજવણી દરમિયાન શાળાઓમાંથી અંદાજે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ગણિત પ્રત્યે પોતાની રસ તથા જિજ્ઞાસા વ્યક્ત કરી હતી. આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસિત થયો હતો. આ કાર્યક્રમનું આયોજન પ્રો. નીતાબેન ત્રિપાઠી અને શ્રી ઉમંગ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ભાવિક એમ. શાહ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની માહિતી ડૉ. જગદીશભાઈ પટેલે આપી હતી. -અખંડ ભારત




**તારીખ ૨૨/૧૨/૨૦૨૫ના રોજ તાલીમાર્થીઓ દ્વારા વિવિધ શાળાઓમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.આ કાર્યક્રમો સંબંધિત શાળાઓના માનનીય અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન હેઠળ યોજાયા હતા. જેમાં ઊંટવા અનુપમ પ્રાથમિક શાળા (ઊંટવા), નાની કડી પ્રાથમિક શાળા (નાની કડી), લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા (લક્ષ્મીપુરા), બુડાસણ પ્રાથમિક શાળા (બુડાસણ), કરણનગર પ્રાથમિક શાળા (કરણનગર), નરસિંહપૂરા પ્રાથમિક શાળા (નરસિંહપૂરા), સરસાવ પ્રાથમિક શાળા (સરસાવ) તથા કુંડાળ પ્રાથમિક શાળા (કુંડાળ)નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ગણિત દિવસ નિમિત્તે યોજાયેલા પ્રાર્થના કાર્યક્રમમાં શ્રીનિવાસ રામાનુજનનો સંક્ષિપ્ત પરિચય, તેમના જીવનપ્રસંગો, રસપ્રદ ગણિત કોયડાઓ, ગણિત કાવ્યો તેમજ રામાનુજનના પ્રસિદ્ધ 'જાદુઈ ચોરસ'ની તાલીમાર્થીઓ દ્વારા અસરકારક રજૂઆત કરવામાં આવી હતી.**

**Day Celebration**

Date :10/12/2025

# HUMAN RIGHTS DAY







**તા. 16-09-2025 ના રોજ ના રોજ માનવ અધિકાર દિવસ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં માનવ અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવાનો હતો. આ પ્રસંગે  વિદ્યાર્થીઓએ વ્યાખ્યાન, ચર્ચાસત્ર, પોસ્ટર પ્રદર્શન અને વિદ્યાર્થીઓ દ્વારા વિચાર વ્યક્ત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ માનવ અધિકારોની રક્ષા અને ફરજોના પાલન અંગે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.**

Day Celebration

Date :01/10/2025

# GANDHI JAYANTI







તારીખ: 1 ઓક્ટોબર, 2025ના દિવસે મહાત્મા ગાંધીજીની 156 મી જન્મજયંતિ નિમિત્તે કોલેજમાં ગાંધી જયંતિની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા પ્રેયર ટોકની રજૂઆત કરવામાં આવી જેમાં તાલીમાર્થીઓએ ગાંધીજીના જીવન સિદ્ધાંતો – સત્ય, અહિંસા અને સાદગી અંગે વિચારો રજૂ કર્યા. ત્યારબાદ ગાંધીજી પ્રત્યે ભાવભીની શ્રદ્ધાંજલિરૂપે તાલીમાર્થી દ્વારા તેમનું પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ.. ની રજૂઆત કરવામાં આવી હતી. તાલીમાર્થી દ્વારા ગાંધીજીના જીવનપ્રસંગોને ઉજાગર કરતું સ્વરચિત કાવ્યનું પઠન રજૂ કરવામાં આવ્યું હતું. આ પછી સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરી રજૂ કરવામાં આવી જેમાં તાલીમાર્થીઓએ ગાંધીજીના જીવન, સ્વતંત્રતા આંદોલન અને તેમના વિચારધારાથી સંબંધિત પ્રશ્નોના ઉત્તરો આપ્યા. પ્રિન્સિપાલ સાહેબે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે ગાંધીજીના જીવન મૂલ્યો આજના યુગમાં પણ એટલા જ પ્રાસંગિક છે

**Day Celebration**

**Date :16/09/2025**

# WORLD OZONE DAY









**તા. 16-09-2025 ના રોજ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે દિન વિશેષ, ઓઝોન સ્તરનું મહત્વ, ઓઝોન સ્તર બચાવવાના ઉપાયો તેમજ ઓઝોન અંગે પ્રશ્નોતરી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ હતુ.**

**Day Celebration**

Date :13/09/2025

# HINDI DAY











**તા. 13-09-2025 ના રોજ  હિન્દી દિવસની ઉત્સાહભેર મનાવવામાં આવ્યો હતો, જેમાં હિન્દી ભાષાનું મહત્વ, દોહાગાન, ભજન અને બ્લેક બોર્ડ પર હિન્દી ભાષાને ગૌરવ અપાતું સાહિત્યનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.**

**Day Celebration** **Date :08/09/2025**

# TEACHERS DAY









**તા. 08-09-2025 ના રોજ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ તથા મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે શિક્ષક દિવસ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો.આ અવસરે તાલીમાર્થીઓએ પ્રિન્સિપાલ, અધ્યાપક, લાઈબ્રેરીયન અને ક્લાર્ક જેવી વિવિધ ભૂમિકાઓ નિભાવીને દિવસ દરમિયાનની વિવિધ જવાબદારીઓના અનુભવો કર્યા હતા.**

**Day Celebration**

Date :08/08/2025

# WORLD TRIBAL DAY












તા. 08/08/2025 ના રોજ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રારંભમાં તાલીમાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન પોતાની પ્રાદેશિક બોલીમાં સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કર્યું હતું, તેમજ આદિવાસી સંસ્કૃતિ ના વિવિધ નુત્ય રજુ કર્યા હતા.આ ઉપરાંત તેમની સંસ્કૃતિની ધરોહર સમાન લોક ગીતો તેમજ સુંદર સંદેશો પાઠવતું નાટક રજુ કર્યું.હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું, જેમાં તેમણે Tribal Day 2025 "Indigenous Peoples and Artificial Intelligence: Defending Rights, Shaping Futures", theme થી તાલીમાર્થીઓને અવગત કર્યા હતા.

Co-curricular activities

Date :07/08/2025

# SANSKRIT DAY CELEBRATION










## કડી બી.એડ. કોલેજમાં સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી

(બનાસ બચાવો)

■ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. અને સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન, કડીમાં તારીખઃ ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ કોલેજમાં સંસ્કૃત દિવસની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું મુખ્ય ઉદેશ સંસ્કૃત



તસવીર-અહેવાલ : ભીખાલાલ પ્રજાપતિ

ભાષાની ઊંડાણપૂર્ણ પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ ઉજાગર કરવાનું રહ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાંતિપ્રદ પ્રાર્થના સાથે કરવામાં આવી. ત્યારબાદ સાંસ્કૃત સમાચાર (News Bulletin in Sanskrit) પઠન કરવામાં આવ્યું, જેમાં તાલીમાર્થીઓએ સંસ્કૃત ભાષામાં આજના દિવસના સમાચાર રજૂ કર્યા. આગળ વધતા તાલીમાર્થી દ્વારા સંસ્કૃતની વિશિષ્ટતાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. કૃષ્ણાષ્ટકમના કાવ્યપાઠ દ્વારા શ્રોતાઓ ભગવાન શ્રીકૃષ્ણના ભકિતમય વર્ણનમાં તન્મય બન્યા. ત્યારબાદ ગીતની મનોહર રજૂઆતથી માહોલ વધુ ભકિતમય બન્યો. આ પ્રસંગે પ્રાચીન ભારતના વિદ્વાન અને લોહિત ભાષાકાર આચાર્ય હેમચંદ્રાચાર્યજીના જીવન અને યોગદાન વિશે પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી. તેમના વ્યાકરણ કાર્ય અને જ્ઞાનવિદ્યા ક્ષેત્રેના યોગદાનનું વિશ્લેષણાત્મક વર્ણન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સામાન્ય જ્ઞાન (GK) પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સંસ્કૃત સંબંધિત અનેક રસપ્રદ પ્રશ્નોના ઉત્તરો આપ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાયત્રી એસ. ગમાર અને ડૉ. હાર્દિક પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું અને આચાર્ય ડૉ. ભાવિક એમ. શાહના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. સંપૂર્ણ કાર્યક્રમને સફળતાપૂર્વક સંચાલિત કરવા માટે તાલીમાર્થીઓનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો. આવા કાર્યક્રમો દ્વારા પ્રાચીન ભાષા સંસ્કૃતને જીવંત રાખવાની દિશામાં સકારાત્મક પગલાં લેવામાં આવે છે.

બનાસ બચાવો,
પાલનપુર
તા.11/08/2025

તારીખ: ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ કોલેજમાં સંસ્કૃત દિવસની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાની ઊંડાણપૂર્ણ પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ ઉજાગર કરવાનું રહ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાંતિપ્રદ પ્રાર્થના સાથે કરવામાં આવી. ત્યારબાદ સાંસ્કૃત સમાચાર (News Bulletin in Sanskrit) પઠન કરવામાં આવ્યું, જેમાં તાલીમાર્થીઓએ સંસ્કૃત ભાષામાં આજના દિવસના સમાચાર રજૂ કર્યા. આગળ વધતા તાલીમાર્થી દ્વારા સંસ્કૃતની વિશિષ્ટતાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. કૃષ્ણાષ્ટકમના કાવ્યપાઠ દ્વારા શ્રોતાઓ ભગવાન શ્રીકૃષ્ણના ભક્તિમય વર્ણનમાં તન્મય બન્યા. ત્યારબાદ ગીતની મનોહર રજૂઆતથી માહોલ વધુ ભક્તિમય બન્યો. આ પ્રસંગે પ્રાચીન ભારતના વિદ્વાન અને લોહિત ભાષાકાર આચાર્ય હેમચંદ્રાચાર્યજીના જીવન અને યોગદાન વિશે પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી. તેમના વ્યાકરણ કાર્ય અને જ્ઞાનવિદ્યા ક્ષેત્રેના યોગદાનનું વિશ્લેષણાત્મક વર્ણન કરવામાં આવ્યું.

**Co-curricular activities** Date :21/07/2025 to 25/07/2025

# FINE ARTS COMPETITIONS















**તા. 21/07/2025 to 25/07/2025 ના રોજ તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને કળાપ્રતિભાને ઉજાગર કરવા માટે બંને કોલેજોમાં “Fine Arts” ની વિવિધ સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં રંગોલી, મહેંદી, પોસ્ટર મેકિંગ, ક્લે આર્ટ, કાર્ટૂનીંગ, ઈન્સ્ટોલેશન અને કોલાજ જેવી દૃશ્યકલા આધારિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તાલીમાર્થીઓએ માત્ર હસ્તકલા જ નહીં પણ કલાત્મક અભિવ્યક્તિ અને નવીન વિચારશક્તિ દ્વારા પોતાની અંદર છૂપાયેલી પ્રતિભા દર્શાવી.**

Date : 12/07/2025

Co-curricular activities

# RAINY SONG COMPETITION















તા. 12/07/2025ના રોજ "વર્ષા ગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 19 જેટલા તાલીમાર્થીઓએ વર્ષા ગીત રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ નંબર પટેલ પ્રિયા (F.Y.) દ્વિતીય નંબર રાવલ જયેશ(S.Y) અને તૃતીય નંબર સોલંકી નિરમા (S.Y) એ મેળવ્યો હતો .આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે પ્રમુખસ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના અધ્યાપક શ્રીભાથીભાઈ રબારી તેમજ અધ્યાપિકા શ્રી ગાયત્રી એસ. ગમારે સેવા આપી હતી.

Date : 11/07/2025

**Day Celebration**

# WORLD POPULATION DAY CELEBRATION











**તા. 11/07/2025 રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં વસ્તી વૃદ્ધિના મુદ્દે જાગૃતિ લાવવાનો હતો.આ દિને તાલીમાર્થીઓએ એક પાત્રીય અભિનય (મોનો એક્ટ), કાવ્ય પઠન, તર્ક વિવાદ (ડિબેટ), તેમજ આધુનિક પ્રેઝન્ટેશન દ્વારા વસ્તી સંબંધિત વિવિધ મુદ્દાઓ જેમ કે – વસ્તી વૃદ્ધિના કારણે ઊભી થયેલી સમસ્યાઓ, કુટુંબ નિયોજન, શિક્ષણનો અભાવ તથા સંસાધનો પર વધી રહેલો દબાણ – વગેરે જેવી રજુઆત થઈ હતી.**

Date : 10/07/2025

**Day Celebration**

# GURUPURNIMA CELEBRATION



















તા. 10/7/2025 ના રોજ ગુરુપૂર્ણિમાની પાવન ઉજવણી અને નવ પ્રવેશિત તાલીમાર્થીઓના આગમન નિમિત્તે આગવી ઢબે આવકારોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.પ્રારંભમાં તાલીમાર્થીઓએ ગુરુજનો પ્રત્યે કુંકુમ તિલક અને સ્વનિર્મિત ગુરુવંદના કાર્ડ અર્પણ કરીને પોતાનું આદરભાવ વ્યક્ત કર્યો. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું, જેમાં તેમણે ગુરુત્વનો મહિમા અને શિક્ષણની સાંસ્કૃતિક પરંપરાની અગત્યતા વિષે સમજાવતાં વિચારો રજૂ કર્યા. તેમણે નવ પ્રવેશિત તાલીમાર્થીઓને સમગ્ર સ્ટાફનો પરિચય પણ કરાવ્યો.આ પ્રસંગે તાલીમાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક કાર્યક્રમો રજૂ કર્યા — જેમાં વક્તવ્ય, ગુરુવંદના નૃત્ય, ભારત નાટ્યમ , ભાવસભર કાવ્યપઠન, ફની ડાન્સ જેવી પ્રસ્તુતિઓ અને ગુજરાતની લોકસંસ્કૃતિ પ્રતિબિંબિત કરતા ગરબાનો સમાવેશ થતો હતો.

Co-curricular activities

# POETRY RECITATION COMPETITION

# ELOCUTION COMPETITION

Date :05/07/2025












તા. 05/07/2025ના રોજ "કાવ્ય પઠન અને વક્તૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધામાં કુલ 44 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કાવ્ય પઠન માં પ્રથમ ક્રમ ફકીર ફૈઝાન, દ્વિતીય ક્રમ ચૌધરી ભૂમિકા, અને તૃતીય ક્રમ સોલંકી નિરમા એ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે કોમર્સ કોલેજના અધ્યાપિકા ડો. બીના એસ. બ્રાહ્મણ તેમજ અધ્યાપિકા ડો. મનીષા એચ. જાદવે સેવા આપી હતી. તેમજ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પટેલ ધ્રુવી, દ્વિતીય ક્રમ ચૌધરી રિતિકા અને તૃતીય ક્રમ ફકીર ફૈઝાને મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ક.પા. પ્રાથમિક શાળાના શિક્ષિકાશ્રી સંગીતાબેન ગોસ્વામી તેમજ અધ્યાપિકા ડૉ. સુરેખા એમ. પટેલે સેવા આપી હતી.

Date : 28/06/2025

**Co-curricular activities**

# ACTION SONG COMPETITION

















તા. 28/06/2025ના રોજ "અભિનય ગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા તાલીમાર્થીઓએ બાળગીતો પર અભિનય કરી અભિનય ગીત રજૂ કર્યા હતા.આ અભિનયગીત સ્પર્ધામાં  કુલ 31 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નાયક મયુરી અને ચૌધરી તન્વી, ચૌધરી ખુશ્બુ ,ચૌધરી પ્રિયા ,ચૌધરી મનાલી ,ચૌધરી સ્નેહલત્તા ,પટેલ કિંજલ દ્વિતીય સ્થાને ગામીત હિરલ, વસાવા પ્રિયંકા, વળવી વંદના,ચૌધરી ભૂમિકા અને તૃતીય ક્રમ ચૌધરી સ્નેહલ, ચૌધરી વર્ષા, ચૌધરી દિક્ષિતાએ મેળવ્યો હતો.આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ક.પા.પ્રાથમિક શાળાના શિક્ષકાશ્રી સંગીતાબેન ગોસ્વામી તેમજ અધ્યાપિકા ડૉ. નીતા એસ. ત્રિપાઠીએ સેવા આપી હતી.

Date :21/06/2025

# YOGA DAY CELEBRATION







તા. 21/06/2025 ના રોજ સર્વ વિધાલય કેમ્પસના સંયુક્ત ઉપક્રમે 11માં વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના 69 તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.